ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૧-૦૩-૨૦૧૪

**અધિસૂચના**

ક્રમાંક:એસયુટી/૧૦૨૦૧૩/૧/ઇ-૨.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર હેઠળ તાલુકા પંચાયત રાણપુર ખાતે ફરજ બજાવતા શ્રી નરેન્દ્રકુમાર મગનલાલ જાદવ, અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) ને તેમનાથી કોઇ સીનીયર હોય તો તેમની સીનીયોરીટીના હકકો પ્રત્યે કોઇપણ પૂર્વગ્રહ વિના તદ્દન હંગામી ધોરણે નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ), વર્ગ-૨ માં (પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૫૪૦૦) બઢતી આપીને ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર હેઠળ પંચાયત સિંચાઇ પેટા વિભાગ, હિંમતનગર ખાતે નિમણૂક આપવામાં આવેલ છે.

શ્રી એન.એમ. જાદવ, અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) એ નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) તરીકે બઢતી મેળવવા માટે નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલ ખાસ દિવાની અરજી ક્રમાંક:૫૬૮/૨૦૧૩ માં તા:૧૩-૧-૨૦૧૪ના રોજ આપવામાં આવેલ ચુકાદા મુજબ શ્રી જાદવ, અધિક મદદનીશ ઇજનેર (સીવીલ)(પ્રવતા ક્રમ:૧૬૨૯)ને તેઓના જુનીયર શ્રી વી.બી. દલવાડી, અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) (પ્રવરતા ક્રમ-૧૬૩૫) ને વિભાગના તા:૫-૧-૨૦૧૧ની અધિસુચના ક્રમાંક:એસએલઇ/૧૦૨૦૧૦/૧/(ભાગ-૩)/ઇ-૨ અન્વયે નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) બઢતી મળતાં તેઓ તા:૭-૧-૨૦૧૧ ના રોજ નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) તરીકે હાજર થયેલ હોઇ શ્રી જાદવને શ્રી દલવાડીની બઢતીની તા:૭-૧-૨૦૧૧ સંભાવ્ય તારીખ તરીકે મંજુર કરવામાં આવે છે. શ્રી જાદવને મંજુર કરવામાં આવેલ સંભાવ્ય તા:૭-૧-૨૦૧૧થી તેઓ નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ) તરીકે જે તારીખે હવાલો સંભાળે તે તારીખ સુધીના સમયગાળાનો પગાર નોશનલ ગણવાનો રહેશે તેમજ તે સમયગાળાના પગાર તફાવતનુ કોઇ ચુકવણુ મળવાપાત્ર થશે નહિ.

સબંધિત અધિકારીશ્રીએ શ્રી જાદવને બઢતીની જગ્યાએ હાજર થવા તાત્કાલિક ફરજમુકત કરવાના રહેશે, તેમજ તેઓને છુટા કર્યાની / હાજર કર્યા અંગેની જાણ આ વિભાગને તુર્તજ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જયોત્સના ચૌહાણ )
ઉપ સચિવ(સેવા)
નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

---

ક્રમાંક:એસયુટી/૧૦૨૦૧૩/૧/ઇ-૨.

ગુજરાત સરકાર
નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૧-૦૩-૨૦૧૪

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ(પત્ર દ્વારા)
  તા:૧૨-૨-૨૦૧૪ના ખાનગી પત્ર ક્રમાંક:એસએલટી/૩૦૧૨/૩૫૩૬/ભાગ-૨/પી ના સંદર્ભે.
- સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશ, ન.જ.સં.પા.પુ. અને વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધીક્ષક ઇજનેરશ્રી, ગાંધીગનર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- શ્રી એન.એમ. જાદવ, અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) મારફત અધિક્ષક ઇજનેરશ્રી, ગાંધીનગર પંચાયત
  સિંચાઇ વર્તુળ, ગાંધીનગર.
- મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર(આ અધિસુચના સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા
  અને તેની પાંચ નકલો આ વિભાગને મોકલવાની વિનંતી સહ).
- સેકશન અધિકારીશ્રી, ઇ-૩, ઇ-૪, ઇ-૪.સેલ, ઇ-૫ અને ઇ-૬ શાખા, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ,
  સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ
- પસંદગી ફાઇલ.

( કે.બી. મકવાણા )
સેકશન અધિકારી
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ